સાણંદ નગરપાલિકા

તા સાણંદ.જી  અમદાવાદ

વર્ષ ૨૦૨૬-૨૭ તથા

૨૦૨૭-૨૮

કામનું નામ :- સાણંદ નગરપાલિકા વિસ્તારમાં આવેલ વારીગૃહોનું મેઈન્ટેનન્સ કરવાનું તથા મોબાઈલ એપ્લીકેશન સાથેની સ્કાડા સીસ્ટમનું દ્વિ વાર્ષિક ધોરણે મેઈન્ટેનન્સ કરવાનું કામ વર્ષ ૨૦૨૬-૨૭ થી ૨૦૨૭-૨૮

<u>ટેન્ડરની શરતો :-</u>

૧.ટેન્ડર સાથે સામેલ ભાવપત્રકમાં જ અને જણાવેલ એકમોના જ ભાવ ભરવાના છે તે સિવાયના ભાવો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૨.આ ટેન્ડરના ભાવો વર્ષ ૨૦૨૬-૨૭ તથા ૨૦૨૭-૨૮ દરમ્યાન તથા તે બાદ નવી નિવિદા બહાર ન પડે ત્યાં સુધી અમલમાં રહેશે.

૩.ટેન્ડરના કામનો વર્ક ઓર્ડર આપ્યા તારીખ થી પુરા થતા દર વર્ષે અથવા તો ટેન્ડરના સમયગાળા દરમ્યાન કોઇપણ સમયે કામની સમીક્ષા કરવામાં આવશે અને કામગીરી યોગ્ય ન જણાતા આગળની કામગીરીનો વર્ક ઓર્ડર રદ કરવામાં આવશે.

૪.ટેન્ડરમાં ભરેલ ભાવો અંગે બજાર (માર્કેટ વધઘટ કે અન્ય સરકારી ટેક્ષ/કપાત) જે કોઈ વધારો થાય કે જેની અસર ભાવો પર પડે તો તે અંગે કોઈપણ જાતનો ભાવવધારો માંગવાને હક્કદાર રહેશે નહી કે મળવાપાત્ર ગણાશે નહી.

૫.ટેન્ડરની કોઈ પણ શરતતો ભંગ થશે તો નગરપાલિકા તરફથી નોટીસ આપી ટેન્ડર રદ કરી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

૬.નગરપાલિકા તરફથી એજન્સીને સપ્લાય કરવા માટેનો વર્ક ઓર્ડર આપ્યા બાદ વર્ક ઓર્ડરમાં જણાવેલ સમયમર્યાદામાં જ માલસામાન સપ્લાય કરવાનો રહેશે.એજન્સી આમ કરવામાં નિષ્ફળ જશે તો નગરપાલિકા

દ્વારા અન્ય કોઈ એજન્સી રોકી માલસામાન ખરીદી કરવામાં આવશે અને આપના બિલમાંથી સદર રકમના ચુકવણાની રકમ કપાત કરવામાં આવશે.

૭.આ ટેન્ડર અંગેના તમામ કામો નગરપાલિકાના સ્વભંડોળમાંથી કરાવવાના થાય છે આથી નગરપાલિકાની નાણાકીય પરીસ્થિતિને ધ્યાને રાખી સંજોગો વસાત કરેલ કામના ચુકવણા અંગે વિલંબ થાય તો એજન્સી કામ અટકાવી શકશે નહી આ કામોનું ચુકવણું નગરપાલિકાના સ્વભંડોળની ઉપલબ્ધીના આધારે કરવામાં આવશે.

૮.આ ટેન્ડર અંગેના મંજુર કરેલ ભાવોનું કામ એજન્સી કરવા તૈયાર ન હોય તો ટેન્ડર સાથે ભરેલ (અર્નેસ્ટ મની ડીપોઝીટ) **EMD**ની રકમ જપ્ત કરી ક્રમશ: ઓછા આવેલ બીજા નંબરના હરીફને સદરહુ કામનો ઈજારો સોપવાની કાર્યવાહી કરવામાં આવશે જે અંગે ઇજારદારનો કોઇપણ પ્રકારનો વાંધો કે તકરાર ચાલશે નહી.

૯.નગરપાલિકા દ્વારા આપેલ કોન્ટ્રાક્ટનો પેટા કોન્ટ્રાક્ટ આપી શકાશે નહી અને જો પેટા કોન્ટ્રાક્ટ આપ્યા અંગેનું માલુમ પડશે તો આપેલ ઈજારો આપોઅપ રદ ગણાશે તેમજ નગરપાલિકા દ્વારા ચૂકવેલ રકમ વ્યાજ સહિત વસુલ લેવામાં આવશે અને બાકીની રકમનું ચુકવણું કરવામાં આવશે નહી.

૧૦.એજન્સી દ્વારા ઉપયોગમાં લેવામાં આવતો સાધનો કે નુકશાન કે જાનહાની કે ચાલુ કામ દરમ્યાન કારીગરો/મજૂરોને અકસ્માત અથવા જાનહાની થશે તો તે અંગેની તમામ જવાબદારી જે-તે એજન્સી ઇજારદારની રહેશે.

૧૧.ઇજારદાર જો સાધન સામગ્રી વસાવે તેની નિભાવણી / જાળવણી તેમજ તેને રાખવાની વ્યવસ્થા ઇજારદારે પોતાના ખર્ચે કરવાની રહેશે અને ઇજારદાર દ્વારા નગરપાલિકાની સાઈટ કે બોર પર માલ સામાન રાખવામાં આવશે અને માલસામાન ચોરી થવાના કિસ્સામાં સઘળી જવાબદારી એજન્સીની રહેશે.

૧૨.નગરપાલિકાના બોરવેલમાં નાખવામાં આવેલ મોટર પંપ,કેબલ કે સ્ટાટર પેનલ અન્ય કોઈ ચીજ વસ્તુના ચોરી થવાના કિસ્સામાં સઘળી જવાબદારી નગરપાલિકાની રહેશે.

૧૩.આ કામ માટે નક્કી કરવામાં આવેલ એજન્સી અને નગરપાલિકા વચ્ચે કરારનામું કરવામાં આવશે અને તે બાબતની સ્ટેમ્પ ડ્યુટીની રકમ એજન્સી દ્વારા ભરપાઈ કરવાની રહેશે.

૧૪.કોઈપણ ટેન્ડર મંજુર કે નાં મંજુર કરવાની સત્તા નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રી/વહીવટદાર / પ્રમુખ / સત્તાધીશોની રહેશે.

૧૫.ટેન્ડરનાં કામ અંગે કોઈ વાદ-વિવાદ થાય તો નગરપાલિકા દ્વારા કરેલ નિર્ણય આખરી ગણવામાં આવશે અને જો કોઈ કોર્ટમેટરનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો ન્યાયક્ષેત્ર સાણંદ રહેશે.

૧૬.એજન્સી દ્વારા કરેલ કામના રંગીન ફોટોગ્રાફ્સ,માસિક મેઈન્ટેનન્સ રિપોર્ટ તથા કરેલ કામગીરીની વિગતો બિલ સાથે રજુ કરવાની રહેશે.

૧૭.નગરપાલિકા દ્વારા એજન્સીને કોઈ માલ-સામાન આપવાનો થાય તો ઇજારદાર દ્વારા નગરપાલિકા જણાવે તે જગ્યાએથી માલસામાન લાવવાનો તથા પરત મુકવાનો રહેશે.

૧૮.નગરપાલિકા હસ્તકના ડાયરેક્ટ સપ્લાય આપતા બોરવેલના કિસ્સામાં એજન્સી દ્વારા મોટરપંપ બળી જવાના ૨૪ કલાકમાં નવીન મોટર પંપ ઉતારવાની કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે અને એ સિવાય કિસ્સામાં ૪૮ કલાકમાં સ્પેર મોટર પંપ ઉતારવાની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે.

૧૯.પીવાના પાણી ઓછુ મળવાના કિસ્સામાં અથવા નગરપાલિકા દ્વારા કોઈ વિસ્તારમાં પીવાના પાણીનો પુરવઠો વધારવામાં આવે અથવા નવીન કોઈ વિસ્તાર/સોસાયટીને પીવાના પાણીનો સપ્લાય આપવામાં આવે તો હયાત મોટરના **HP** અને પંપના સ્ટેજ વધારી આપવાના રહેશે અને ઈમ્પેલરની સાઈઝ/સંખ્યામાં જરૂર મુજબ વધારો કરી આપવાનો રહેશે.

૨૦.એજન્સી દ્વારા બળી ગયેલ મોટર પંપનો પાણીનો જથ્થો તેમજ સ્પેર મોટર પંપ પાણીનો જથ્થો મેઈન્ટેન/સરખો (+-૫%)_રાખવાનો રહેશે.

૨૧.નગરપાલિકા માલ સામાન પાણીનો જથ્થો /ફ્લો આપના સ્પેરમોટર પંપ હયાત ન હોય તેવા કિસ્સામાં નગરપાલિકા દ્વારા નવીન મોટર પંપ વસાવવામાં / લાવવામાં આવે  નહી ત્યાં સુધી એજન્સી દ્વારા સ્વખર્ચે સ્પેર મોટર પંપ લાવીને બોરવેલ સંપમાં નાખવાના રહેશે

૨૨.વર્ક ઓર્ડર પૂર્ણ થયેથી એજન્સી દ્વારા તમામ પંપીંગ મશીનરી , પેનલ બોર્ડ ,ફ્લો મીટર ,પીએલસી વિગેરે ચાલુ હાલતમાં નગરપાલિકાને આપવાના રહેશે જેની ચકાસણી બાદ ૧માસ સર્વિસ ડીપોઝીટ રકમ મુદ્દત

મળવા તેમજ આખરી પરીસ્થિતિ અંગેનું પત્રક કે જેમાં છેલ્લા તબક્કે દરેક બોરવેલ/સંપમાં નાખવામાં આવેલ મોટર પંપ,કેબલ,કોલમ પાઈપ વિગેરે જેવી તમામ માહિતી હોય તેવું પત્રક નગરપાલિકાને આપવાનું રહેશે.

૨૩.નગરપાલિકા દ્વારા સરકારશ્રીના ધારાધોરણો અનુસાર ઇન્મકટેક્ષ , લેવર સેસ **GST** તથા અન્ય વેરાની રકમ બિલમાંથી કપાત કરવામાં આવશે.

૨૪.નગરપાલિકા દ્વારા કોઈ નવીન બોરવેલ / સંપ / ઓવરહેડ ટાંકી બનાવવામાં આવે તો એજન્સી દ્વારા તેની પણ નિભાવણી કરવાની રહેશે અને જે-તે મોટરપંપના **HP** દીઠ નક્કી થતી રકમ એજન્સીને વધારાની ચુકવવાની રહેશે અને તેવી જ રીતે નગરપાલિકા દ્વારા બે માસ કે તેથી વધુ સમય માટે બોર કે સંપનો વપરાશ બંધ કરવાનો નિર્ણય કરવામાં આવે તો જે-તે બોર/સંપના મોટરપંપના **HP** નક્કી થતી રકમ એજન્સીના બિલમાંથી દર માસે કપાત કરવામાં આવશે.

૨૫.કોઈ પણ મોટર પંપ ડિસ્ચાર્જ ઓછો થવાનો પ્રસંગ ઉપસ્થિત થાય (ચાલુ મોટર પંપના ૧૦% કે તેથી વધુ) તો તેવા સંજોગોમાં ઇજારદારો નગરપાલિકા તરફથી જાણ થયા બાદ ૨૪ કલાકમાં આપવા પોતાના સ્પેર મોટર પંપ ઉતારી બોર ચાલુ કરી આપવાનો રહેશે (તેમ છતાં વરસાદ કે પાવરકટ કે એક સાથે એક થી વધુ મોટર પંપ બળી જવાનો પ્રશ્ન બને તેવા આકસ્મિક પ્રસંગોએ આ સમયમર્યાદામાં સાણંદ નગરપાલિકાની પૂર્વ મંજુરી થી છુટ-છુટ મૂકી શકાશે.)તથા બહાર કાઢવામાં આવેલ મોટર પંપમાં રીપેરીંગ માટે જો કોઈ સ્પેરપાર્ટસ નાખવાની થાય તે તમામ સ્ટેટર,શેટર,બોડી શીફટીંગ ,બાઉલ્સ,રાટેર બેરીંગ વિગેરે નાખી આપી તેટલા જ **HP**નું વાઈન્ડીંગ કરી રીપેરીંગ કરવા આપવાનું રહેશે કોઈ પણ સંજોગોમાં મોટરપંપ રીપેરીંગ માટે ૭ દિવસથી વધુ સમય લેવાનો રહેશે નહી.

૨૬.ઉપરોક્ત ટેન્ડરની કામગીરી તમામ ફોલ્ટ ઉપરાંત મોટરપંપ બોરમાં પડી જવા,ફસાઈ જવા વિગેરે સહિતના તમામ એકસીડન્ટની કામગીરીનો સમાવેશ થાય છે એકસીડન્ટ બનવા પામેલ હોય તો મુદ્દતનો બાધ રહેશે નહી.

૨૭.ગુજરાત વિધુત બોર્ડના મીટર થી સબમર્સીબલ મોટર પંપ સુધીની તમામ વસ્તુઓ સ્ટાટર,કેપેસીટર,એમીટર,વી-મીટર,ફ્યુઝ કોન્ટેક્ટ,ફ્યુઝ,ફ્યુઝ બોર્ડ તથા તેને લગતી એસેસરીઝ વિગેરે

તમામની જાળવણી અને નિભાવણી માટે માલ-સામાન તથા મંજુરી સાથે કામ કરવાનું રહેશે પરંતુ કોલમ પાઈપો કે સબ મર્સીબલ કેબલ બદલવા કિસ્સામાં (અત્રેની કચેરીના વાયરમેનના અભિપ્રાય મુજબ જ) થાય તો તેના ખર્ચનો ટેન્ડરના મેઈન્ટેનન્સની રકમમાં સમાવેશ થતો નથી.

૨૯.બોરવેલમાં પંકચર થવાના કીસ્સામાં એજન્સી દ્વારા બોરવેલમાં  કેમેરો ઉતારવાની કામગીરી નીઃશુલ્ક  કરી પાણીનું લેવલ,પંકચર કેટલા ફૂટે છે તેની જાણકારી સાથેનો રીપોર્ટ આપવાનો રહેશે.પંક્ચર રીપેરીંગ કરી આપવાની કામગીરીનો આ ટેન્ડરમાં સમાવેશ થતો નથી.

૩૦.મોટરપંપ બોરમાં પડી જાય તેવા સંજોગોમાં એજન્સી તરફથી સદરહુ મોટરપંપ બહાર કાઢવા જરૂરી પ્રયત્નો કર્યા બાદ મોટરપંપ બહાર ન નીકળે તો નવા સંજોગોમાં નગરપાલિકાને યોગ્ય જણાયે આ કામગીરી અન્ય એજન્સીને સોંપી શકાશે અને જો તેવી  એજન્સી મોટરપંપ બહાર કાઢી આપવાની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરશે.તો તે એજન્સીને ચુકવવાની થતી રકમ કોન્ટ્રાક્ટરના ચુકવણામાંથી કપાત કરવામાં આવશે જો બીજી અન્ય એજન્સી પણ સદરહુ પડી ગયેલ મોટરપંપ બહાર કાઢવામાં નિષ્ફળ જશે તો તે અંગેની તમામ જવાબદારી / ચુકવણું નગરપાલિકા દ્વારા કરવામાં આવશે.

૩૧.મોટરપંપ બોરમાં પડી જાય અને સાથો સાથ કેબલ પણ બોરની અંદર જતો રહે તેવા સંજોગોમાં મોટરપંપ બહાર કાઢવાની કાર્યવાહી દરમ્યાન કેબલને કાઇ નુકશાન થાય તો તેવા નુકશાન થયેલ કેબલને બદલે જે-તે બોર માટે જરૂરી કેબલ નગરપાલિકા દ્વારા પૂરો પાડવામાં આવશે.

૩૨.જે-તે બોરમાં જેટલા **HP**ના મોટર પંપ ચાલુ હોય અને તેમાં ફોલ્ટ ઉપસ્થિત થાય અને તેટલા **Hp**ના મોટરપંપ સ્પેરમાં ન હોય તો તેવા સંજોગોમાં જે પણ મોટરપંપ સ્પેરમાં હોય તે બોરમાં ઉતારી પાણી પુરવઠો ચાલુ કરવાનો રહેશે અને બહાર કાઢેલ મોટરપંપનું જરૂરી રીપેરીંગ કરી તે મોટર પંપ જે-તે બોરમાં બદલી આપવાના રહેશે.આ માટે ઇજારદાર વધુમાં વધુ સાત (૭) દિવસનો સમય લેવાનો રહેશે જો આમ કરવામાં ચુક યા કસુર કરશો તો દંડની જોગવાઈ મુજબ કપાત કરવામાં આવશે.

૩૩.બોર/સંપના સબમર્સીબલ મોટરપંપ સપ્લાય વાલ્વ સુધીના(સપ્લાય વાલ્વનો સમાવેશ થતો નથી)તમામ ફિટિંગ્સ જેવા કે ફ્બાન્જ,નટ બોલ્ટ , ફલો મીટર, **NRV** વાલ્વ રબર પેકીગ શીટ વિગેરે જરૂર જણાયે એજન્સી

દ્વારા સ્વખર્ચે નવીન લાવવાના રહેશે તથા વપરાશ કરવાના રહેશે આ માટે જરૂરી વેલ્ડીંગ,આંટા પાડવા વિગેરેની કામગીરી પણ ઇજારદારી કરવાની રહેશે.

૩૪.કોલમ પાઈપમાં આંટા ખરાબ થઈ જાય કે કપલિંગ બદલવાની જરૂરીયાત ઉપસ્થિત થાય તો તે કામગીરી ઇજારદારે નવીન કપલિંગ લાવવા સહિત કરવાની રહેશે જેના માટે અલગથી કોઈ ચુકવણું કરવામાં આવશે નહી.

૩૫.એજન્સી દ્વારા વાયરમેનની શૌક્ષણીક લાયકાત તથા અનુભવ ધરાવતા વ્યકિતની નિમણુંક કરવાની રહેશે જે નગરપાલિકાની પૂર્વ મંજુરી સિવાય હેડકવાર્ટર છોડી શકશે નહી.

૩૬.નગરપાલિકા દ્વારા નવીન બોર કે સંપ બનાવવામાં આવે અને બોર ઉપર ફલોમીટર અથવા **PLC** અથવા બન્ને નાખવા માટેનો વર્ક ઓર્ડર આપવામાં આવે તો જે-તે એજન્સી દ્વારા આ ટેન્ડર સાથે સામેલ ફલોમીટરના તથા **PLC**ના સ્પેસીફીકેશન મુજબ ઇક્વિવેલન્ટ મેક/બ્રાંડના માલસામાન નાખી આપવાનો રહેશે.

૩૭.ચોરી થવાનાં કે વાયર બળી જવાના કિસ્સામાં નગરપાલિકા દ્વારા વાયર નવીન લાવી આપવામાં આવશે જેનું ઇન્સ્પેકેશન એજન્સી ફલોમીટરના તથા **PLC** કે લેવલ સેન્સરના કેબલ બાબતે કોઈ ફોલ્ટ ઉપસ્થિત થાય તો એજન્સી દ્વારા તેનો નિકાલ લાવવાનો રહેશે દ્વારા ની:શુલ્ક કરી આપવાનું રહેશે.

૩૮.એજન્સી દ્વારા **PLC**માં લગાવવા માટેના સીમકાર્ડ(સારું નેટવર્ક હોય તેવા) પોતાના નામેથી ખરીદવાના રહેશે તેમજ રીચાર્જ પણ પોતાના ખર્ચે કરવાનું રહેશે.

૩૯.હાલમાં નગરપાલિકાના વારીગૃહોમાં **Aqualogix(http://www.aqualogix.com)**ની **PLC** લગાવેલ હોય અને તેમજ ફલોમીટર,લેવલ સેન્સરનું કનેક્શન કરેલ હોય એજન્સી દ્વારા **Aqualogix** કંપનીની સર્વિસ ખરીદી મોબાઈલ એપ્લીકેશન ચાલુ રાખવાની રહેશે તેમજ સર્વર સાઈડ થતા પ્રોબ્લમના નિવારણનો ઉકેલ પણ ઈજારદારો લાવવાનો રહેશે.

૪૦.એજન્સી દ્વારા બોરવેલ /પંપ હાઈસમાં લગાવેલ ૫૦૦**AMP**ના ફ્યુઝ,લગ તથા ફ્યુઝબોર્ડ એસેસરીઝની નિભાવણી કરવાની રહેશે

૪૧.નગરપાલિકાના વારીગૃહો ઉપરાંત આ ટેન્ડરમાં નગરપાલિકા ઓફીસ,પે એન્ડ યુઝ તથા નગરપાલિકા હસ્તકની અન્ય ઇમારતો લેવામાં આવેલી છે જેના ભાવ મેન્ટેનન્સના ભાવોમાં ગણવાના નથી પરંતુ અલગથી માંગવામાં આવેલ છે.(રીપેરીંગની જરૂરીયાત મુજબ કામગીરી કરવાની રહેશે.)સદર કામગીરીની ફરીયાદ મળ્યેથી ૪૮ કલાકમાં કામગીરી પુર્ણ કરવાની રહેશે.

૪૨.આ ટેન્ડરમાં નીચે મુજબના બોરવેલ/પંપ હાઉસનો સમાવેશ કરવામાં આવેલ છે.

| અ.નું | બોરનું નામ | ટાંકી ની વિગત | |
|---|---|---|---|
| | | સમ્પ | ઉંચી ટાંકી |
| ૧ | લક્ષ્મણા બોર | ૫.૦૦ લાખ લી. | - |
| ૨ | બોરિંગ બજાર બોર | ૧૦.૦૦ લાખ લી. | - |
| ૩ | શંકરવાડી બોર | ૧૦.૦૦ લાખ લી . | ૧૪.લાખ લી |
| ૪ | નારાયણ નગર બોર | - | - |
| ૫ | ગઢિયા બોર | ૩.૦૦ લાખ લી. | - |
| ૬ | ઔડા સ્મશાન | - | - |
| ૭ | સિધ્ધનાથ બોર-૧ | ૧૫.૦૦ લાખ લી. | ૧૦.૦૦ લાખ લી. |
| ૮ | સિધ્ધનાથ બોર-૨ | | |
| ૯ | હરેકૃષ્ણ પાર્ક બોર | | |
| ૧૦ | નાનુશાહનો ડહેલો બોર | - | - |
| ૧૧ | માધવનગર બોર ૧ | - | ૪ લાખ લી |
| ૧૨ | માધવનગર બોર ૨ | - | - |
| ૧૩ | નર્મદા વસાહત બોર ૧ | ૨૫.૦૦ લાખ લી. | ૧૨.૦૦ લાખ લી. |
| ૧૪ | નર્મદા વસાહત બોર ૨ | | |
| ૧૫ | મામલતદાર કચેરી બોર | | |
| ૧૬ | વડનગર બોર | - | ૫૦,૦૦૦લીટર |
| ૧૭ | લાયપુરા બોર | - | ૫૦,૦૦૦લીટર |
| ૧૮ | ભવાનીનગર બોર | - | ૫૦,૦૦૦લીટર |
| ૧૯ | ઉમિયા પાર્ક સોસાયટી બોર | - | - |
| ૨૦ | રાજશેરી બોર | - | - |
| ૨૧ | ફાયર સ્ટેશન બોર | - | - |

| અનુક્રમ | પંપ હાઉસનું નામ |
|---|---|
| | |

| | |
|---|---|
| ૧ | તેલાવ |
| ૨ | નર્મદા વસાહત |
| ૩ | નવોવાસ |
| ૪ | શંકરવાડી |
| ૫ | તાલુકા પંચાયત(બોરીંગ બઝાર) |
| ૬ | સિદ્ધનાથ મહાદેવ |
| ૭ | ગઢિયા |

૪૩.એજન્સી દ્વારા કરવામાં આવતી કામગીરી માટે નીચે મુજબનો પેનલ્ટી / દંડ નક્કી કરવામાં આવે છે.

| ક્રમ | | |
|---|---|---|
| ૧ | ડાયરેક્ટ સપ્લાય આપના બોરવેલ મોટરપંપ બળી જવાના રીપેરીંગ ૨૪ કલાકમાં | પ્રતિ કલાક ૫૦૦/- (મહત્તમ ૨૦૦૦ પ્રતિદિન) |
| ૨ | સંપ કે અન્ય બોરવેલના મોટરસંપ બળી જવાના કિસ્સામાં મોટર પંપ ન ઉતારવા બદલ | પ્રતિ કલાક ૨૫૦/- (મહત્તમ ૧૦૦૦ પ્રતિદિન) |
| ૩ | બોરવેલ / સંપના મોટરપંપનો પાણીનો ફલો મેઈન્ટેન નહી થવા બદલ | પ્રતિ દિન ૧૦૦૦/- |
| ૪ | ફલોમીટરના કોઇપણ પ્રશ્ન બાબતે (વાયરીંગ સિવાય) | પ્રતિ દિન ૫૦૦/- |
| ૫ | લેવલ સેન્સરના કોઈપણ પપ્રશ્ન બાબતે (વાયરીંગ સિવાય) | પ્રતિ દિન ૫૦૦/- |
| ૬ | **PLC**ના કોઇપણ પ્રશ્ન બાબતે | પ્રતિ દિન ૫૦૦/- |
| ૭ | એન્ડ્રોઇડ એપ્લીકેશન / સર્વરમાં થયેલ ફોલ્ટ બાબતે (એપ્લીકેશન ચાલુ નહી થવા બદલ ) | પ્રતિ કલાક ૨૦૦/- (મહત્તમ ૨૦૦૦ પ્રતિદિન) |

ઉપરની તમામ શરતો અમોએ વાંચી/સમજી ટેન્ડર ભરેલ છે.આ તમામ શરતો મને/અમોને કબુલ/મંજુર છે.

**એજન્સીનો સહી/સીક્કો**

**ચીફ ઓફિસર**
**સાણંદ નગરપાલિકા**